BB-112 Seat No.________

# B. A. (Sem. VI) Examination

## March / April – 2014

## Gujarati : Paper - C.C. - 607

## (ભાષા સ્વરૂપનો અભ્યાસ - ૨)

Time : 3 Hours] [Total Marks : 70

૧ પ્રાચીન ભારતીય આર્યથી અર્વાચીન ભારતીય આર્ય સુધીના વિકાસના વિભિન્ન તબક્કાઓનો પરિચય કરાવો. ૧૪

અથવા

૧ ભાષાકુળનો ખ્યાલ આપી, ભારતનાં મુખ્ય ભાષાકુળો વિશે વિગતે લખો.

૨ ગુજરાતી ભાષાના ઉદ્દભવ અને વિકાસના પરિવર્તનોની નોંધ સાથેની રૂપરેખા આપો. ૧૪

અથવા

૨ (અ) 'અઈ' અને 'અઉ'નું પરિવર્તન.

(બ) સ્વર મધ્યવર્તી સ્પર્શ વ્યંજનો. ક, ગ, ચ, જ, ત, દનો લોપ.

૩ ગુજરાતની પ્રાદેશિક બોલીઓ જણાવી, ઉચ્ચારણ, વ્યાકરણ તથા શબ્દભંડોળ વિષયક લાક્ષણિકતાઓ વર્ણવો. ૧૪

અથવા

૩ (અ) ગુજરાતી વાક્યરચના અને તેના પ્રકારો.

(બ) ગુજરાતી લિંગ વ્યવસ્થા અને તેના અર્થો.

૪ ટૂંક નોંધ લખો : (ગમે તે બે) ૧૪

(૧) ગુજરાતીના દ્વિરુક્ત પ્રયોગો અને રવાનુકારી રચનાઓ

(૨) વિકારી અને અવિકારી નામો

(૩) કર્મધારય અને મધ્યમપદલોપી સમાસનું બંધારણ ઉદાહરણ સહિત સમજાવો.

(૪) અનુગો અને નામયોગી પ્રત્યયો.

૫ ટૂંકમાં જવાબ લખો : (ગમે તે સાત) ૧૪

(૧) ભારતીય ઉપખંડના મુખ્ય ભાષાકુળો જણાવો.

(૨) પ્રાચીન ભારતીય આર્યભાષા ભૂમિકાનો સમય અને તે સમયે બોલાતી ભાષાઓ જણાવો.

(૩) ધ્વનિ પરિવર્તનોમાં 'ય'નો 'જ' અને 'પ'નો 'વ'માં થતું પરિવર્તનના બે-બે ઉદાહરણો જણાવો.

(૪) સૂરતી બોલીની શાબ્દિક લાક્ષણિકતાઓના પાંચ ઉદાહરણ જણાવો.

(૫) બહુવચનના 'ઓ' પ્રત્યયની વિશેષતાઓ જણાવો.

(૬) કર્તરી-કર્મણી અને ભાવે પ્રયોગના બે-બે ઉદાહરણો આપો.

(૭) 'દ્વન્દ્વ' સમાસનું બંધારણ ઉદાહરણ સહિત સમજાવો.

(૮) ગુજરાતી ભાષામાં સમાયેલા અરબી-ફારસી-પોર્ટુગીઝ અને અંગ્રેજી શબ્દોના ચાર-ચાર ઉદાહરણો આપો.

(૯) નીચેના ચાર પ્રત્યયોનો વિગ્રહ કરી અર્થ આપો :

(૧) ગેરહાજર, (૨) દુર્જન, (૩) ધાર્મિક, (૪) દયાળું.

(૧૦) અનુગો અને નામયોગી અવ્યયો વચ્ચેનો ભેદ જણાવો.

(૧૧) પટ્ટણી બોલીની કોઈ પણ ચાર લાક્ષણિકતાઓ જણાવો.

(૧૨) ગુજરાતી ભાષામાં વચન વ્યવસ્થા વિશે ટૂંકમાં સમજાવો.